સરકારના જાહેર સાહસો સ્કૂલો અને આરોગ્ય સેન્ટરો ચલાવશે

સાત કોર્પોરેશનની ગ્રામ્ય વિસ્તારની સ્કૂલોમાં અને નવ સાહસોની હેલ્થ સેન્ટરોમાં ભાગીદારી:૮મી જાન્યુઆરીએ એમઓયુ સાઇન

(ગૌતમ પુરોહિત) ગાંધીનગર,તા.૬

ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની સ્કૂલો અને આરોગ્ય સેન્ટરોમાં હવે રાજ્ય સરકારના બોર્ડ-નિગમની ભાગીદારીને મહત્વ આપવામાં આવ્યું છે. વાયબ્રન્ટ સમિટ દરમ્યાન ૮મી જાન્યુઆરીએ સરકારના જાહેર સાહસો એમઓયુ સાઇન કરશે.

સચિવાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે સાત જેટલા જાહેર સાહસોએ ગ્રામ્ય વિસ્તારની ૭૦ સ્કૂલોના સંચાલનમાં ભાગીદારી બતાવી છે, જ્યારે નવ સાહસોએ રાજ્યના ૭૩ પીએચસી-સીએચસીમાં તૈયારી બતાવી છે.

ગ્રામ્ય વિસ્તારમાં શહેરીકરણના ભાગરૂપે એવી મોડેલ સ્કૂલો ઉભી કરાશે જે ગ્રીનફિલ્ડ સ્કૂલ તરીકે ઓળખાશે. કેટલીક સ્કૂલોને અપગ્રેડ પણ કરવામાં આવશે. ઓનલાઇન પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવશે. બીજી તરફ આરોગ્ય સેન્ટરોમાં મોર્ડન ડાયગ્નોસ્ટીક સેન્ટરો ઉભા કરવાના થાય છે. આ બન્ને મોડેલ પ્રોજેક્ટને બે વર્ષમાં પુરા કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ઉદ્યોગ વિભાગના અગ્રસચિવ મહેશ્વર શાહુને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે સરકારના કોઈ વિભાગ સાથે જાહેર સાહસ પણ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ કરી શકે છે. વાયબ્રન્ટ સમિટમાં ઉદ્યોગગૃહોની સાથે એવા કેટલાય એમઓયુ સાઈન થાય છે જેમાં મૂડીરોકાણ નહીં પણ આદાન-પ્રદાન, નોલેજ શેરીંગ, ભાગીદારી અને સંચાલનની જવાબદારી આવે છે.

સ્ટેટેજીક પાર્ટનરશીપ તરીકેના આ એમઓયુ ૮મી જાન્યુઆરીએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં સંપન્ન થશે જેમાં નાણા, શિક્ષણ, આરોગ્ય અને ઉદ્યોગ વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ જે તે જાહેર સાહસના અધિકારીઓ હાજર રહેશે.

ક્યું જાહેર સાહસ હેલ્થ સેન્ટર સેટઅપ કરશે

જીએસપીસી	૦૫
જીએનએફસી	૦૫
જીએસએફસી	૦૫
જીપીસીએલ	૦૫
જીયુવીએનએલ	૧૦
જીઆઈડીસી	૧૦
જીએમડીસી	૧૦
જીઆઈપીસીએલ	૦૩
ઈન્ડસ્ટ્રીઝ	૨૦
કુલ	૭૩

ક્યું જાહેર સાહસ કેટલી સ્કૂલ સેટઅપ કરી શકશે

જીએસપીસી	૧૦
જીએનએફસી	૧૦
જીએસએફસી	૦૯
જીયુવીએનએલ	૧૦
જીઆઈડીસી	૧૫
જીએમડીસી	૧૨
જીઆઈપીસીએલ	૦૪
કુલ	૭૦

ગાંધીનગરમાં ત્રીજે દિવસે ઠંડીનું મોજુ યથાવત

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ઠંડીનું જોર આજે પણ યથાવત રહેવા પામ્યું હતું. જો કે પારો ૨ ડીગ્રી ઉંચકાઈ અને ૮.૨ નોંધાયો હતો. ઠંડીનું આ મોજુ હજુ ૨૪ કલાક સુધી જારી રહેશે તેવી આગાહી હવામાન ખાતાએ કરી છે.

ઠંડીના આક્રમણની સીધી અસર જનજીવન પર પડવા પામી છે. આજે દિવસ દરમ્યાન પણ ઠંડા પવનો અને વાતાવરણની ઠંડકને કારણે લોકોએ ઘરમાં જ રહેવાનું પસંદ કર્યું હતું.

સવારે મોર્નિંગ વોક કરવા નીકળનારાઓની સંખ્યામાં થોડોક ઘટાડો નોંધાયો છે. જો કે સવારે ઠંડીનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. ઠંડીના ચાલુ રહેલા મોજાને કારણે જિલ્લામાં રવિ સીઝનના અંતિમ દિવસોમાં ખેડૂતો દ્વારા ઘઉંના વાવેતરમાં વ્યસ્ત જોવા મળ્યા હતા. ઠંડીના કારણે શહેરી વિસ્તારની શાળાઓએ પણ સમયમાં ફેરફાર અમલી બનાવવાનો નિર્ણય કર્યો છે. જે ઉલ્લેખનીય છે. ઠંડીના વધેલા આક્રમણને લઈ શિયાળાના વસાણાના ભાવોમાં પણ થોડોક વધારો જોવા મળી રહ્યો છે.

ક્લીન વોટરનો મેસેજ આપવા વિદેશી મહીલાઓનો રીક્ષા પ્રવાસ

બ્રિટીશ એન.જી.ઓ. દ્વારા દેશના ગામડાઓમાં શુદ્ધ પાણી પુરુ પાડવા જનજાગૃતિ અભિયાન : આજે ગાંધીનગરની મુલાકાત લીધી : રીક્ષા સેલ્ફ ડ્રાઈવ કરતી મહિલા રોડ નેટવર્કથી પ્રભાવિત

ગાંધીનગર, તા. ૫

દેશના ગ્રામ્ય વિસ્તારમાં શુદ્ધ પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ કરવા જનજાગૃતિ કેળવાય તેવા આશયથી ફોરેન સ્થિત એન.જી.ઓ.ની ત્રણ વિદેશી મહિલાઓએ જેસલમેરથી કોચિન સુધીના રીક્ષા પ્રવાસમાં જોડાઈ છે. 'ક્લીન વોટર'નો મેસેજ આપવા રીક્ષા સેલ્ફ ડ્રાઈવ કરી નીકળેલી વિદેશી મહીલાઓ આજે ગાંધીનગર પહોંચી હતી. રાજ્યના રોડનેટવર્કથી પ્રભાવિત એન.જી.ઓ. વુમેન્સે ઈન્ફોસીટીમાં થોડીવાર રોકાણ કર્યુ હતું.

બ્રિટીશ એન.જી.ઓ. કેન્દ્ર વોટર માટે કામ કરતી આ મહીલાઓએ દેશમાં ગામડાઓમાં શુદ્ધ પાણી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા રીક્ષાયાત્રાના માધ્યમથી સફર શરૂ કરી છે. અગાઉ વર્ષ ૨૦૧૧માં પણ આ એન.જી.ઓ.ની ટીમે શિલોંગથી જેસલમેરના રૂટ પર 'અવેરનેસ'' યાત્રા ખેડી હતી. ક્લીન વોટરનો મેસેજ આપવા અને આ મામલે જનજાગૃતિ કેળવવાના આશયથી વિદેશ સ્થિત એન.જી.ઓ.ની આ મહીલાઓ જાતે જ રીક્ષા ડ્રાઈવ કરી રૂટમાં આગળ વધી રહી છે. જેસલમેરથી કોચીનની ૩૦ હજાર કિ.મી.ની રીક્ષાયાત્રા દરમિયાન રોજનું ૨૫૦ કિ.મી. અંતર કાપે છે. ૧૪ દિવસના આ રીક્ષા પ્રવાસ દરમિયાન તેઓ જેસલમેરમાં ગાંધીનગર રહેતા એડવોકેટ ગીરીશભાઈ ચૌધરીના પરિચયમાં આવ્યા હતા. તેમના આમંત્રણને ધ્યાને લઈ વિદેશી એન.જી.ઓ. મેમ્બર્સે આજે ગાંધીનગરમાં ઈન્ફોસીટી ખાતે વિરામ લીધો હતો. વિદેશમાં સ્થિત ફેન્ક વોટર એન.જી.ઓ. માટે કામ કરતા મેમ્બર જેનિફર, મોઈરા તેમજ જૈનાએ તેમની આ અનોખી યાત્રા સંદર્ભે જણાવ્યું હતું કે તેમની એન.જી.ઓ. સંસ્થાની આવી ૭૦ ટીમો 'ક્લીન વોટર'નો મેસેજ આપવા નીકળી છે. અગાઉ પાણી પીવાથી બ્રિટીશ મહીલાની તબિયત લથડી હતી. જેને ધ્યાને લઈ આ એન.જી.ઓ.એ ક્લીન વોટર માટે ગ્રામજનોમાં જાગૃતિ કેળવવા અભિયાન હાથ ધર્યું છે. જ્યારે યાત્રામાં તમામ પ્રકારની સભ્યતા જળવાઈ રહે તે માટે રીક્ષાની પસંદગી કરવામાં આવી છે. તેમના જણાવ્યા મુજબ ગામડામાં શુદ્ધ પાણીની જરૂરિયાત સંતોષવા ખાસ પ્રકારનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પણ તૈયાર કરાયો છે. જ્યારે ૮૮ જેટલા ગામોમાં આ પ્લાન્ટ ઈન્સ્ટોલ કરી દેવાયો છે. તેઓ ગુજરાતના રોડનેટવર્કથી પણ પ્રભાવિત થયા હતા.

દિલ્હીમાં દામિની પર થયેલા ગેંગરેપની ઘટના હજુ પણ જનમાનસમાં એટલી જ ઘેરી બનીને પડેલી છે. નવા વર્ષની ઉજવણીના અવસરને પણ શોકની લાગણીઓ સાથે મનાવ્યા બાદ હવે ઉત્તરાયણના પર્વે પણ આવી હીન વૃત્તિ ધરાવતા તત્વો સામે કડક હાથે કામ લેવું જોઈએ તેવો સંદેશ હવામાં ગુંજતો રાખવાનો પ્રયાસ પતંગ રસિયાઓ દ્વારા થઈ રહ્યો છે.

ગાંધીનગરમાં ચાર સેક્ટરોમાં પતંગ સ્ટોલ માટે જગ્યા ફળવાશે

૧૫૦ જેટલા સ્ટોલ્સ ફાળવી ૭૦ હજારથી વધુની ભાડાની આવક મનપા મેળવશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગરપાલિકાએ જુદા જુદા ચાર સેક્ટરોમાં ઉત્તરાયણ પર્વ નિમિત્તે પતંગોના વેચાણ માટે ૧૫૦ જેટલા સ્ટોલ ઉભા કરી ૭૦ હજાર જેટલી ભાડાની આવક મેળવવાનો નિર્ણય કર્યો છે.

કોર્પોરેશન સત્તાવાળાઓએ આ સ્ટોલ મેળવવા ઈચ્છતા ઈસમો પાસેથી અરજીઓ માંગી છે જે ૭ અને ૮ જાન્યુઆરી દ્વારા સ્વીકારવામાં આવશે. તેમજ ૧૦મીએ સ્ટોલ ભાડે આપવા માટેનો ડ્રો કરાશે.

વાયબ્રન્ટ સમીટને કારણે આ ડ્રો કરવામાં વિલંબ થયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. મળતી વિગતો પ્રમાણે જે સ્ટોલ્સ નિયત કરાયા છે તેમાં સે. ૨૧માં ૭૦, સે. ૨૨માં ૧૬, સે. ૬માં ૪૦ અને સે. ૨૪માં ૨૦ જેટલા સ્ટોલ્સ ઉભા કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં આગામી ઉત્તરાયણના તહેવાર પ્રસંગે પતંગદોરીનો વેપાર કરવા ઈચ્છતા ઈસમો માટે સ્ટોલ ફાળવવાના કામે કલેક્ટરશ્રી ગાંધીનગરે મહાનગરપાલીકા ગાંધીનગરને સ્ટોલ ફાળવણીની કાર્યવાહી કરવા તારીખ ૫-૧-૧૩ થી અધિકૃત કરેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાની ૪૨ પ્રાથમિક શાળાઓના વિલીનીકરણ માટે સરકારમાં દરખાસ્ત

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાની ૪૨ પ્રાથમિક શાળાઓના વિલીનીકરણ અંગેની દરખાસ્ત જિલ્લા પ્રાથમિક શિક્ષણ તંત્ર દ્વારા તૈયાર કરીને રાજ્ય સરકારને મોકલી આપવામાં આવી છે.

જિલ્લા શિક્ષણતંત્રના અત્યંત વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જે શાળાઓના વિલીનીકરણ માટેની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે તેમાં માણસા તાલુકાની ૪, દહેગામ તાલુકાની ૨૨ કલોલ તાલુકાની ૧૧ અને ગાંધીનગર તાલુકાની પાંચ પ્રાથમિક શાળાનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે શાળાના વિલીનીકરણમાં બે મહત્વના પાસાંઓને ધ્યાને લેવામાં આવ્યા છે. જેમાં એક કિ.મી.ની મર્યાદામાં બીજી શાળા આવતી હોય જ્યારે એક જ ગામમાં બે શાળાઓ ચાલતી હોય પણ ૨૦૦ કરતાં ઓછા વિદ્યાર્થીઓ ધરાવતી હોય તેવી શાળાઓનું વિલીનીકરણ કરવા અંગેનો નિર્ણય

● અનુસંધાન પાન-૭ પર

મુખ્યમંત્રીશ્રી સોમવારે રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની શુભેચ્છા મુલાકાત લેશે

ગાંધીનગર, તા.૬

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી આવતીકાલ તા.૭મી જાન્યુઆરી ૨૦૧૩ને સોમવાર દિલ્હીમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજી અને ઉપરાષ્ટ્રપતિ શ્રી હમીદ અન્સારીની શુભેચ્છા મુલાકાત લેશે. ગુજરાતમાં સતત ચોથીવાર રાજ્ય શાસન માટેનો જનાદેશ મેળવીને મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદી દિલ્હીમાં રાષ્ટ્રપતિશ્રી અને ઉપરાષ્ટ્રપતિશ્રીની સૌજન્ય મુલાકાત લેશે.

મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મુલાકાત લેતા અનુપ જલોટા

ગાંધીનગર, તા.૬

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની આજે ગાંધીનગરમાં સુપ્રસિદ્ધ ભજનિક અને ગઝલ ગાયક શ્રી અનુપ જલોટાએ સૌજન્ય મુલાકાત લીધી હતી અને શ્રી અનુપ જલોટાએ સતત ચોથીવાર જનાદેશ મેળવીને ગુજરાતનું નેતૃત્વ સંભાળવા અંગે મુખ્યમંત્રીશ્રીને શુભેચ્છાઓ પાઠવી હતી.

વર્ષ 2012-13માં ગુજરાત સરકારમાં નોકરી અંગેની ભરતી...!!!
તારીખ 14.1.2013
સુધીમાં પ્રવેશ મેળવનાર
માટે ફી માં 30% ઘટાડો !!
8000+ થી વધુ
1350+ GPSC
Dy. SP / DC / SO / TDO / MAMLATDAR
TCCI માં જ શિક્ષણ લો માટે
જો તમે ધો.12 પાસ કરી ભવિષ્યની સલાહ લેવા
માસ્ટર કોર્ષ-2012-13
100% જોબ ઓરિએન્ટેડ કોર્સ
પરીક્ષાઓ સંબંધિત મે 2013
ગાંધીનગર 20.01.2013 3.30 થી 6.00 શનિ / રવિ
મહેસાણા 18.01.2013 4.00 થી 5.30 સોમ થી શુક્ર
15.1.2013 બાદ ફી ₹ 18,200 (F) ₹ 20,800 (M)
KNOWLEDGE VALLEY
TCCI EDUCATION PVT. LTD.
GANDHINAGAR: 9537614636 MEHSANA: 9537614637
HELPLINE NUMBER : 9909924328, 9327714500
KNOWLEDGE VALLEY

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ

સ્વ. દિલીપકુમાર ગુણવંતરાય જોષી
(રેન્જ ફઓરેસ્ટ ઓફિસર)

● જન્મ તા. ૨૪-૩-૧૯૫૫ ● સ્વ. તા. ૭-૧-૨૦૧૨

અંજલિ આપતા હૈયુ રડે છે, શ્રદ્ધાંજલિ અર્પવા શબ્દો ખૂટે છે
જીવન સદા એવું જીવ્યા કે, જોનારા જોયા જ કરે,
કર્મ સદા એવા કર્યા કે હૃદયમાં સૌના ગુંજ્યા કરે,
દુઃખથી કદી ડર્યા નહી, વ્યવહાર કદી ચૂક્યા નહીં,
આપનું ધર્મમય જીવન સેવાભાવી અને કાર્યશીલ સ્વભાવ
જેવા ગુણો હંમેશા પ્રેરણા આપતાં રહેશે.

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

સુનિલકુમાર આર. ત્રિવેદી (બનેવી) સુરેશકુમાર વી. પાઠક (બનેવી)
નયનાબેન એસ. ત્રિવેદી (બહેન) અંજનાબેન એસ. પાઠક (બહેન)
કૃણાલ એસ. ત્રિવેદી (ભાણીયો)
અનિલકુમાર ગુણવંતરાય જોષી
જૈમિનીબેન અનિલકુમાર જોષી
પૂર્વાંગ અનિલકુમાર જોષી

બીએપીએસની યુવા પ્રવૃત્તિના દિવ્ય-ભવ્ય સમારોહથી વિશ્વ ચકાચૌંધ

અમદાવાદ, તા. ૬

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બીએપીએસ યુવા પ્રવૃત્તિ ષષ્ટીપૂર્તિ મહોત્સવના અવસરે યુવા રેલીનું પ્રસ્થાન કરાવતાં જણાવ્યું હતું કે, સંતશક્તિના પ્રેરક માર્ગદર્શનથી હિન્દુસ્તાનની યુવા શક્તિ વિશ્વની માનવજાતને સેવા-ચારિત્ર્ય અને સંસ્કારનો આધ્યાત્મિક ચેતનાનો પ્રભાવ ઉભો કરશે.

તેમણે જણાવ્યું કે, બી.એ.પી.એસ.ની સંતશક્તિની આ યુવા જ્યોત રેલી વિશ્વમાં ભારતીય સંસ્કૃતિની ઊર્જા પ્રગટાવશે.

બાર ચારણવારી અક્ષરપુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાની યુવા પ્રવૃત્તિના હિરક જયંતિનો ભવ્ય એવો આ અવસર આજે સાંજે અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમમાં યોજાયો હતો.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આ યુવા શક્તિના સાક્ષાત્કારના વિશ્વભરમાં દર્શન થઈ રહ્યા છે. જેમાં એવી શક્તિ છે જે માનવકલ્યાણ અને માનવમૂલ્યો માટે નવી આશા, નવી ચેતના અને નવા વિશ્વાસનો સંચાર કરે છે. આવી ઘટના ગુજરાતની ધરતી પર આકાર લઈ રહી છે તેનું ગૌરવ છે.

સંતો ભૂતકાળ અને વર્તમાનને જાણનારા અને ભવિષ્યને ઘડનારા હોય છે. યોગીજી મહારાજે યુવા સંસ્કારનું જે બીજરોપણ કર્યું તે આજે ૬૦ વર્ષમાં યુવા પ્રવૃત્તિનું વટવૃક્ષ બની ગયું છે. આ યુવા વટવૃક્ષ માનવજાતને નિરંતર સુવાસ અને સંસ્કાર આપતું રહેશે. સાથે જ સંકટો સામે સમાધાનની છાયા અને ઉજ્જવળ ભવિષ્યની આશા પણ પુરૂ પાડતું રહેશે, તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

૨૧મી સદી હિન્દુસ્તાનની સદી છે. કારણ કે વિશ્વમાં આપણો દેશ એવો સૌથી યુવાન દેશ છે જેની પાસે ૬૫ ટકા યુવા શક્તિ છે.

● અનુસંધાન પાન-૭ પર

કાલીસંડી જ્યોતિષ
9925114514

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ સાઈઝના સ્ટોરેજવાળા ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

SANGHI CEMENT
KisaN
BENELAVE
H.FIXIT
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com